

તંત્રી - પ્રકાશક :

શ્રી ભરતભાઇ પ્રવીણકાંત રેશમવાળા

કલા સંયોજક :

સનત દવે



શ્રેયસ દેસાઈ

કાયદાક્ષેત્રના દિગ્ગજ, 'ભવિષ્યદર્પણ પૂર્તિ'ના સંયોજક

શ્રેયસ દેસાઈ છેલ્લા ચાર દાયકાથી કાયદાકીય ક્ષેત્રે અવિરત સેવા આપી રહ્યા છે. ખાસ કરીને ગ્રાહક સુરક્ષા કાનૂનમાં તેમનું યોગદાન અપ્રતિમ છે.

જ્યોતિષશાસ્ત્રમાં પ્રભાવશાળી યોગદાન

વકીલાના વ્યવસાય સાથે સાથે શ્રી દેસાઈએ જ્યોતિષ શાસ્ત્ર, હિંદુ ધર્મના ગ્રંથો, મંત્રો અને સ્તોત્રોનો ઊંડો અભ્યાસ કર્યો છે. તેમણે અનેક ધાર્મિક પુસ્તકો લખ્યા છે, જ્યોતિષાચાર્ય પદવી પણ પ્રાપ્ત કરનાર

શ્રેયસ દેસાઈ માત્ર પ્રખ્યાત વકીલ જ નહીં, પરંતુ એક વિઝનરી જ્યોતિષાચાર્ય, લેખક, કોલમીસ્ટ અને આધ્યાત્મિક માર્ગદર્શક છે.

ભારત દેશનું વાર્ષિક રાશિ ભવિષ્ય - વિક્રમ સંવત ૨૦૮૩

રાજકીય પડકારો અને આંદોલનો વચ્ચે પણ દેશની પ્રગતિની ગાડી આગળ વધતી રહેશે.

સ્વતંત્ર ભારતની કુંડળી વૃષભ લગ્ન અને કર્ક રાશિની છે. દેવગુરુ બૃહસ્પતિનું કર્ક અને સિંહ રાશિમાં ભ્રમણ દેશના ધન ભંડારને બળ આપશે. શનિ ધીમી પણ સ્થિર પ્રગતિ આપશે.

અર્થતંત્ર અને વેપાર-ઉદ્યોગ

જૂન ૨૦૨૭ સુધી વેપાર-ધંધામાં સ્થિરતા રહેશે અને વિકાસ ધીમો થશે. ત્યાર બાદ ઉત્પાદન, નિકાસ અને લઘુ-મધ્યમ ઉદ્યોગોને નવી ગતિ મળશે. શેરબજારમાં રોકેટ ગતિએ તેજી આવવાની શક્યતા નથી, છતાં લાંબા ગાળે રોકાણકારોનો વિશ્વાસ જળવાશે. સટ્ટાથી દૂર રહેવું. સોના-ચાંદી, હીરા-ઝવેરાત, કાપડ અને ફાર્મા ક્ષેત્રને લાભના યોગ છે.

રાજકીય સ્થિતિ

વર્ષ રાજકીય રીતે ગરમાવાભર્યું રહેશે. જેન-ઝી એટલે કે યુવા પેઢી સહિત વિવિધ વર્ગોનાં આંદોલનો થતાં રહેશે. વિપક્ષ, ખાસ કરીને કોંગ્રેસ, પહેલાં કરતાં વધુ મજબૂત બનશે. કેન્દ્ર સરકારને અનેક મોરચે પડકારો મળશે. મિત્ર અને પડોશી દેશો સાથેના સંબંધોમાં શીર્ષ નેતૃત્વે સતર્ક રહેવું પડશે. તેમ છતાં શાસક પક્ષ માટે સ્થિતિ "સ્ટેટસ કો" જેવી રહેશે, જ્યારે વિપક્ષ માટે "દિલ્હી હજુ દૂર છે."

ખેતી અને વરસાદ

ચોમાસું સામાન્ય કે સારું રહેશે. પાક ઉત્પાદન સંતોષકારક રહેશે અને ખેડૂતોને સારા ભાવ મળશે. પશુપાલન અને દૂધ ઉત્પાદનમાં પણ પ્રગતિ થશે.

વિજ્ઞાન, સંરક્ષણ અને વિદેશ નીતિ

અવકાશ, AI અને સ્ટાર્ટઅપ ક્ષેત્રે ભારત ગૌરવપૂર્ણ સિદ્ધિઓ મેળવશે. સ્વદેશી સંરક્ષણ ઉત્પાદન વધશે. આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતનું માન અને પ્રભાવ વધશે.



આરોગ્ય, રમતગમત અને ધર્મ

આયુર્વેદ-યોગનો પ્રસાર વધશે. ક્રિકેટ ઉપરાંત એથ્લેટિક્સ, કુસ્તી, બેડમિન્ટન અને ચેસમાં દેશને વિજયો મળશે. નવમ સ્થાને શનિના પ્રભાવથી ધાર્મિક ચેતના અને ધાર્મિક પ્રવાસન વધશે.

ઉપસંહાર

એકંદરે સંવત ૨૦૮૩ ભારત માટે વિકાસ અને આત્મગૌરવનું વર્ષ બની રહેશે. આવો, આપણે સૌ "એક ભારત, શ્રેષ્ઠ ભારત"ના સંકલ્પને સાકાર કરવા કટિબદ્ધ થઈએ.

સૌ દેશવાસીઓને નૂતન વર્ષાભિનંદન! સાલ મુબારક! જય હિન્દ

પ્રજાની ઊંચી અપેક્ષાઓ અને વિકાસની તકો વચ્ચે રાજકીય નેતૃત્વની કસોટીનું વર્ષ

રાજકીય સ્થિતિ

વિક્રમ સંવત ૨૦૮૩ ગુજરાત માટે વિકાસની નવી તકો સાથે પ્રજાની અપેક્ષાઓ સંતોષવાની કસોટીનું વર્ષ બનશે. શાસક પક્ષ વિકાસ યોજનાઓને આગળ ધપાવવા સક્રિય રહેશે. યુવાનો, ખેડૂતો અને કર્મચારી વર્ગોની રજૂઆતોને કારણે રાજકીય ગરમાવો વધી શકે છે. પક્ષની આંતરિક અપેક્ષાઓ તથા સ્થાનિક નેતાઓ વચ્ચે સમન્વય જાળવવો જરૂરી બનશે. જાહેરાતો કરતાં જમીન પર દેખાતાં પરિણામો પ્રજાનો વિશ્વાસ વધારવામાં વધુ અસરકારક રહેશે.

મુખ્યમંત્રી અને ઉપમુખ્યમંત્રી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ માટે આ વર્ષ વહીવટી કાર્યક્ષમતા અને પ્રજાની અપેક્ષાઓ વચ્ચે સંતુલન સાધવાનું બની શકે છે. વિકાસ યોજનાઓ સમયસર પૂર્ણ કરાવવી, અધિકારીતંત્રની જવાબદારી નિશ્ચિત કરવી અને ફરિયાદોનો ઝડપી નિકાલ કરાવવો તેમની પ્રતિષ્ઠાને બળ આપશે. અણધારી ઘટનાઓ સમયે તાત્કાલિક અને સંવેદનશીલ પ્રતિસાદ જરૂરી બનશે. વિવિધ વર્ગોની રજૂઆતોને યોગ્ય પ્રતિભાવ આપવાની તેમની કાર્યપદ્ધતિ મહત્ત્વની રહેશે.


ઉપમુખ્યમંત્રી હર્ષ સંઘવી માટે જાહેર સંપર્ક અને કાર્યક્ષમતાના આધારે પ્રભાવ વધારવાની તકો ઊભી થઈ શકે છે. યુવાનો સાથેનો સંપર્ક તેમની લોકપ્રિયતાને બળ આપશે. સાથે કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સલામતીને લગતી ઘટનાઓ તેમની કામગીરીની કસોટી કરશે. સંયમિત નિર્ણય અને અસરકારક અમલ તેમની રાજકીય સ્થિતિ મજબૂત કરી શકે છે. વધતી જવાબદારીઓ વચ્ચે વહીવટી સંકલન જાળવવું જરૂરી બનશે.

વ્યાપાર અને ઉદ્યોગ

વ્યાપારધંધામાં ક્ષેત્રવાર અલગ ચિત્ર જોવા મળી શકે છે. કાપડ, હીરા અને નિકાસ આધારિત વ્યવસાયોએ આંતરરાષ્ટ્રીય માંગ તથા ખર્ચના ફેરફારો સામે સાવધ રહેવું પડશે. નાના વેપારીઓ માટે ઉધારીની વસૂલાત, ફરતી મૂડી અને નફાનું પ્રમાણ જાળવવું અગત્યનું બનશે. ટેક્નોલોજી, ઊર્જા, પરિવહન અને ઉત્પાદનક્ષેત્રે નવી તકો મળી શકે છે. ભાગીદારી અને મોટા વિસ્તરણમાં પૂરતી તપાસ જરૂરી રહેશે. ગુણવત્તા, વિશ્વસનીયતા અને ખર્ચના નિયંત્રણ પર ધ્યાન આપનાર વ્યવસાયોને લાભ મળી શકે છે.

આર્થિક બાબતો

મૂડીરોકાણની તકો સાથે માળખાકીય સુવિધાઓ પાછળ ખર્ચ વધવાની સંભાવના રહેશે. મોટા રોકાણનો લાભ સ્થાનિક રોજગારી અને નાના ઉદ્યોગો સુધી પહોંચે તે મહત્ત્વનું બનશે. મધ્યમવર્ગ માટે ઘરખર્ચ, શિક્ષણ અને સારવારનો બોજ ચિંતાનો વિષય રહી શકે છે. આવક અને ખર્ચનું આયોજન તથા દેવાનું નિયંત્રણ આર્થિક સ્થિરતા જાળવવામાં ઉપયોગી રહેશે. બચત અને આકસ્મિક જરૂરિયાતો માટેની નાણાકીય તૈયારી પરિવારને રાહત આપશે.



પ્રજાની સુખાકારી

પીવાનું પાણી, રસ્તા, જાહેર પરિવહન, શિક્ષણ અને સસ્તી સારવારની ઉપલબ્ધતા લોકસંતોષ નક્કી કરશે. ગ્રામ્ય વિસ્તારોમાં સિંચાઈ, પાકના ભાવ અને ખેતીના ખર્ચના પ્રશ્નો ધ્યાન માગશે. શહેરોમાં ટ્રાફિક, પ્રદૂષણ અને રહેઠાણ માટે અસરકારક આયોજન જરૂરી બનશે. મહિલાઓની સુરક્ષા, વડીલોની આરોગ્યસેવા અને યુવાનોની રોજગારી માટેનાં પગલાં પ્રજાને રાહત આપશે. કુદરતી આફતો સામે પૂર્વતૈયારી અને ઝડપી રાહત વ્યવસ્થા પણ મહત્ત્વની રહેશે.

વિધાનસભાની ચૂંટણી અને પરિણામો

સંવત ૨૦૮૩માં આગામી વિધાનસભાની ચૂંટણીને લઈને ગુજરાતનું રાજકીય વાતાવરણ વધુ સક્રિય બનશે. શાસક પક્ષ વિકાસકાર્યો અને સંગઠનના બળે પ્રજાનો વિશ્વાસ જાળવવા પ્રયત્ન કરશે. સ્થાનિક અસંતોષ, ઉમેદવારોની પસંદગી અને કાર્યકરોની એકતા પરિણામોને અસર કરશે. વિપક્ષ રોજગારી, મોંઘવારી અને ગ્રામ્ય પ્રશ્નો દ્વારા પોતાનો પ્રભાવ વધારશે. વિરોધી મતોનું વિભાજન શાસક પક્ષને લાભ આપી શકે છે, જ્યારે મજબૂત સ્થાનિક ઉમેદવારો કેટલીક બેઠકો પર તીવ્ર સ્પર્ધા ઊભી કરશે. આ ભવિષ્યચિત્ર મુજબ ચૂંટણીમાં શાસક પક્ષને બહુમતી મળવાની સંભાવના છે, પરંતુ વિરોધ પક્ષનો દેખાવ પણ સુધરશે અને તેની બેઠકોમાં વધારો થઈ શકે છે.